ગુજરાતમિત્ર
તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૩

૩૬૦૦ કરોડના હેલિકોપ્ટરના સોદામાં ૩૬૨ કરોડની લાંચ અપાઈ

આ દેશની હોજરી કૌભાંડોથી ફાટફાટ થઇ ગઈ છે. અનેક પ્રકારના ગોટાળા ને કૌભાંડોએ મઝા મૂકી છે ને દરેક કૌભાંડ આગલા કૌભાંડને નાનું કહેવડાવે તેમ છે. કોતરાઈ ગયો છે આ દેશ ભ્રષ્ટાચારથી ખવાઈ ગયો છે. સડી ગયો છે. બોફોર્સથી ઈટલી ભારત સાથે જોડાયું ને આ છેલ્લાં ૩૬૦૦ કરોડના હેલિકોપ્ટરના સોદામાં પણ ઈટલીનું નામ જ ફરી એકવાર ગાજ્યું છે. બોફોર્સ સોદામાં કટકી લેવાઈ, હેલિકોપ્ટર સોદામાં પણ ૩૬૨ કરોડની કટકી લેવાઈ. તોપના સોદામાં ગોટાળા થયા. હવે હેલિકોપ્ટરના સોદામાં શરતો અને રકમોમાં બાંધછોડ થઈ છે. સલમાન ખુરશીદ કહે છે કે બોફોર્સને આની સાથે કોઈ કનેક્શન નથી. આ કહેવાની જરૂર ખુરશીદને કેમ પડી? કયો ડર એમને સતાવે છે? શા માટે વારંવાર યુપીએ સરકારે બચાવની સ્થિતિમાં મૂકાવું પડે છે? બોફોર્સ કૌભાંડમાં ઈટલી સંડોવાયું તો હેલિકોપ્ટર સોદામાં પણ ઈટલી કેમ આવ્યું? આ બંને આકસ્મિક તો નથી લાગતું. હવે કોઈપણ કૌભાંડની કુંડળી ખૂલે છે કે સરકાર શરૂ થી જ ઢોળાઢોળમાં લાગી પડે છે. બે કામ ચાલે છે. એક તો આરોપો બીજે વાળી દેવાને તરત જ સીબીઆઈ તપાસનું નગારું ઠોકવું. સીબીઆઈને કૌભાંડોની તપાસ સિવાય બીજું કોઈ કામ જ નથી. જે આવે છે તે તપાસ સોંપે છે. જે આવે છે તે સમિતિ નીચે છે ને નવું કૌભાંડ થાય છે. તો વળી સમિતિ અને તપાસનો દોર ચાલે છે. આનો અંત જ નથી. કોઈ તપાસનો નિષ્કર્ષ આવતો નથી. આ બધું પ્રજાને ઉલ્લું બનાવવા જ ચાલે છે. પ્રજા વિચારતી જ રહે છે કે સાચું શું? ત્યાં નવું કૌભાંડ આવે છેને પ્રજા વળી વિચારે છે કે સાચું શું? આ 'શું' તો જવાબ મળતો જ નથી.

ભારતીય વી.વી.આઈ.પી.ઓમાં પરિવહન માટેના હેલિકોપ્ટરોનો ઓર્ડર મેળવવા ભારતને લાંચ ચૂકવાયાનો આરોપ એક ઈટાલિયન એરોસ્પેસ કંપનીના વડાની ધરપકડ કરવામાં આવી છે. જેને પગલે સરકારે સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો છે. ૧૨ હેલિકોપ્ટરો ખરીદવાના હતા. તેમાંથી ત્રણ તો ખરીદાઈ ચૂકયા છે. હવે લાંચની ખબર બહાર આવી છે. એટલે સરકારે બાકીના નવ હેલિકોપ્ટરો ખરીદવા પર રોક લગાવી દીધી છે. આ સોદો ૩૬૦૦ કરોડમાં ૨૦૧૦માં ભારત સાથે પાર પડ્યો હતો. ઈટાલિયન સંરક્ષણ અને એરોસ્પેસ જાયન્ટ ફિનેક્કાનિમના વડા ગુસેપ ઓરસીની ધરપકડ સોમવારે કરવામાં આવીને એવો આરોપ મૂકાયો કે આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર માટે તેઓ જવાબદાર છે.

ઓરસી, ફિનમેક્કાનિકાના સીઈઓ છે. આ સોદો થયો ત્યારે તેઓ ઓગસ્ટ વેસ્ટ બેન્ડનો હવાલો સંભાળતા હતા. પ્રોસિક્યુટરોને શંકા છે કે ઓરસીએ આ કોન્ટ્રાકટ મળે તે માટે ૩૬૦૦ કરોડના ઓછામાં ૧૦ ટકા, એટલે કે ૩૬૨ કરોડ માટે ત્રણ હેલિકોપ્ટરો ખરીદયા છે. ઓરસીની ધરપકડના સમાચાર ભારત આવતાં સંરક્ષણ મંત્રી ઓ. કે. એન્ટોનીએ તપાસ સીબીઆઈને સોંપવાનો આદેશ આપી દીધો છે. ઓરસીની પુછપરછ વરસેક દિવસથી ચાલે છે. તેમણે કસૂરવાર જણાતાં રાજીનામું આપવાની વાત પણ કરી છે. હેલિકોપ્ટરની જરૂર લાગતાં સોદો પાર પાડવામાં આવ્યો હતો તેવું એન્ટોનીનું કહેવું મણકા ફેરવવા માંડયા છે. બીજા ૧૯૭ હેલિકોપ્ટર્સ ખરીદવાનો પ્રસ્તાવ પડતો મૂકવામાં આવ્યો છે ને કહેવાયું છે કે કસૂરવાર સામે કડક હાથે કામ લેવાશે. કોઈને બક્ષવામાં નહીં આવે.

સોદામાં ખોટું કર્યાનું જણાશે તો સોદો રદ કરવામાં આવશે આ બધું વારંવાર અનેક કૌભાંડોમાં બોલાયું છે ને દરેક વેળા રેડીમેઈડ બકવાસ કરવામાંથી ઊંચા જ નથી આવતા. ત્યાં ઓરસીને શંકા પરથી પકડવામાં લાગશે તો સોદો રદ કરવામાં આવશે. હજી કયું મુહુર્ત જોવાય છે. તે નથી ખબર. આ ખરીદી કૌભાંડમાં તે વખતના એર ચીફ માર્શલ ત્યાગીએ ૧૦ ટકા કટકી લીધી હોવાના આક્ષેપો છે. ત્યાગીએ એમ કહીને જાત છોડાવવાની કોશિશ કરી છે કે સોદો ૨૦૧૦માં થયો ને પોતે ૨૦૦૭માં રિટાયર થઈ ચૂકયા હતા. સીબીઆઈ ધંધે લાગી ગઇ છે રક્ષામંત્રાલયે શ્વેતપત્ર બહાર પાડયું છે. તેમાં ફણગો એવો ફોડાયો છે કે કેવી રીતે એનડીએના શાસનમાં આ ઘટના બની. બજેટ સત્ર પહેલાં એન્ટનીએ પાળ બાંધી છે કે એનડીએના કાળમાં હેલિકોપ્ટર સોદાની વાત થઇ હોય તો વિપક્ષ શિંગડા કરતાં પહેલો સો વાર વિચાર કરશે. કોઈપણ કૌભાંડ થાય છે ને રાજનીતિ શરૂ થઇ જાય છે. વાત એટલી ગૂંચવવામાં આવે છે કે સત્ય પ્રજા સુધી પહોંચે જ નહીં ને આરોપો પ્રતિઆરોપોમાં જ બધો વખત જાયને ત્યાં સુધીમાં નવા કૌભાંડનો ધમાકો થઇ ચૂકયો હોય. તપાસ સમિતિ, સીબીઆઈ એકમાંથી પરવારે ન પરવારે ત્યાં તો બીજી તપાસમાં સંડોવાવાનું આવે છે. છેલ્લાં દોઢ બે વર્ષમાં સરકારે કૌભાંડ સિવાય બીજો કોઈ વેપલો કર્યો જ નથી. સરકાર જે પગલાં લે છે તેમાં પણ ભલીવાર નથી. ધારો કે ઈટલીના કંપની કસૂરવાર કરે છે તો સરકાર શું કરશે? તોકે તેને બ્લેકલિસ્ટમાં મૂકશે. હવે જેણે રાંધી જ નાખ્યું છે ત્યાં તો બ્લેક લિસ્ટ કરો કે વ્હાઈટ લિસ્ટ કરો તેને શું ફેર પડે? તેણે જે કરવાનું હતું તે તો કરી જ નાખ્યું છેને!

ઈટલીની કોઈમાં રજૂ થયેલ રિપોર્ટમાં વીવીઆઈપી હેલિકોપ્ટર ખરીદીના મામલામાં વાયુસેનાના પૂર્વપ્રમુખ એસ. પી. ત્યાગીને લાંચ અપાઈ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ઈટલીની કોઈમાં ત્યાગીનું નામ નીકળવાનું શું કારણ છે? કોઈને ત્યાગીની ભૂમિકાની ખબર પડીને તેણે ધરપકડ ઓરસીની કરી તો ત્યાગી સાવ નિર્દોષ છે એવું કઈ રીતે માનવું? ત્યાગીએ પોતે કાર્બોગેરાસો- સોદાના દલાલને મળ્યાની વાત કબૂલ કરી છે. સોદાની શરતોમાં ફેરબદલ થવાની વાત કે ભયમાં બદલાયાની વાત પણ સ્વીકારીએ ને જેને તેને જવાબદાર ઠેરવીએ, પણ ૩૬૨ કરોડની લાંચ લેવાનો તો નિયમ કે કાયદો કે શરત તો નો'તાંને! તો એ અંગે કેમ છાતી ઠોકીને વાત નથી થતી. ત્યાગીને ગરજ જ કેમ પડી? કોંગ્રેસ પર તવાઈ આવી તો તેણે એનડીએ સરકાર પર ઢોળ્યું. ત્યાગી પર આફત આવી તો તેમણે વાજપેયી સરકારના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બ્રિજેશ મિશ્રા પર ઢોળ્યું હવે રમ્યા કરો બધા સંતાકૂકડી.

ત્યાગી ૨૦૦૩માં હેલિકોપ્ટરના પેરામીટર્સ બદલાયા તેનું કૂટે છે. હેલિકોપ્ટરની ઊંચાઈ ૧૮૦૦૦ ફૂટ પરથી ૧૫૦૦૦ફૂટ કરવામાં આવી. આવું કરવાનું ૨૦૦૩માં બન્યું ને તેવા બ્રિજેશ મિશ્રાનો હાથ હતો. ઈટલીના કોર્ટમાં રજૂ થયેલ રિપોર્ટમાં ત્યાગીનું નામ ફુટયું છે. બ્રિજેશ મિશ્રાનું નહીં. ત્યાગીએ ઢોળવા કરતાં એટલું જ કબૂલવું જોઈએ કે આ આખા સોદામાં તેમની ભૂમિકા શી છે? જો તેમણે કંઈ નથી કર્યું તો ઈટલીના કોર્ટમાં તેમનું નામ પહોંચ્યું કઈ રીતે? ૩૬૨ કરોડ રૂપિયા ભારતને ઈટલીમાં લાંચ પેટે વહેંચાયા તે ખરું છે કે ખોટું? આ વાત બહાર આવવાની નથી. થોડો વખત ઢોળાઢોળ થશેને વાર્તા પૂરી થઈ જશે. એસ.પી. ત્યાગી આમ છપાયેલું કાંટલું છે. વિવાદોમાં તેમનું નામ ગાજતું રહ્યું. ભાજપ વાળા પણ હેઈસો હેઈસો કરવા લાગ્યા છે. ભાજપ પ્રવકતા રવિશંકર પ્રસાદે શામેલ લોકોના નામ જાહેર કરવાની વાત કરી છે. આ મામલામાં વડાપ્રધાન, સોનિયાગાંધીને સંરક્ષણ મંત્રીની જવાબદારી પણ નક્કી થવી જોઈએ તેવી વાત પણ ભાજપે કરી છે. હવે બોફોર્સમાં કંઈ થયું નથી તો આ પણ ઈટલી કિસ્સો છે. તેમાં શું થઈ જવાનું હતું. સવાલોનો સવાલ એ છે કે ઈટલીમાં વરસેકથી તપાસ ચાલે છે તો તેની ખબર એન્ટની આટલી મોડી કેમ પડી? કોની મારફતે કટકી પહોંચી તેના નામ પણ જાહેર થયા છે ને તે બધા તેના નજીકના સગામાં છે. ત્યાગીનો બચાવ એ છે કે નિયમોમાં પરિવર્તન ૨૦૦૩માં થયું. જયારે વાયુસેનામાં પોતે પ્રમુખ ૨૦૦૪ થી ૨૦૦૭ રહ્યા. સોદો ૨૦૧૦માં થયો. તે વખતે તો પોતે રિટાયર થઈ ચૂકયા હતા. ટૂંકમાં, કશું પણ સ્પષ્ટ નથી. ૨૦૦૩માં નિયમો બદલાયા તેની ખબર ૨૦૦૪માં ત્યાગીને પડી શકે કેમ? જો કટકી લીધી નથી તો દલાલને મળવાનું પ્રયોજન શું હતું? વાત તો ત્યાં સુધી છે કે ત્યાગીને શરાબ અને શબાબની લહાણી પણ થઈ છે. ૨૦૦૪થી ૨૦૦૭ સુધી દલાલો ૬ વાર ત્યાગીને મળ્યા છે, તે શું ધૂણવા માટે? ત્યાગી સો ટકા જવાબદાર છે પણ સરકારો ઢાંક પિછોડામાંથી ઊંચી નહીં આવે ને પાણી જ વલોવાશે.

ચર્ચાપત્રો

કટકી-દલાલી ઝીંદાબાદ!!

શ્રી રાજીવ ગાંધી વડાપ્રધાનપદે હતા, ત્યારે તોપોની ખરીદીમાં ખૂબજ મોટે પાયે કટકી કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આ બોફર્સતોપ કૌભાંડનાં નકાબ ચરવા માટે જાત-જાતનાં તપાસ પંચો નીમવામાં આવેલાં હતાં. પણ પાણીના વલોણાની જેમ કોઈને માટે સજારૂપ માખણ હાથ લાગેલું નહિ. કોઈને કશીજ સજા થયેલી નહિ અને અંતે આ આખી ઘરના ઉપર ઠંડુ પાણી રેડી હોવામાં આવ્યું હતું. બીજા શબ્દોમાં કહીએ તો આ તોપ કાંડનો 'ધડો-લાડવો'' ફરી દેવામાં આવ્યો હતો. હવે આજકાલ ઇટાલીનાં હોલિકોપ્ટર ખરીદીમાં આચરાયેલું મોટું ભ્રષ્ટાચારરૂપ, કટકી કૌભાંડ પેપરોનાં પાનાંનાં મથાળાં આંચકી રહ્યું છે. સરકારે જાહેરાત કરી નાંખી છે કે હેલિકોપ્ટર ખરીદીના સોદાની ચૂકવણી સ્થગિત કરી નાંખી છે. પણ સવાલ એ થાય છે કે જે ચુકવણી થઇ ગઇ છે, અને એમાંથી લેવાયેલી દલાલી (કટકી)નું શું!! હા, આ દેશમાં જે પરંપરા ચાલી આવે છે તે પ્રણાલિકા મુજબ ધરિષ્ઠ પ્રકારનાં તપાસનાં નાટકો ચાલશે. પણ અંતે તો કોઈને કશાજ પ્રકારની સજા થશે નહિ. કરોડોનાં કૌભાંડો આચરનારા આપણા કોઈ પણ રાજદ્વારીને આજ સુધી કોર્ટના મેજીસ્ટ્રેટ કોઈને સજા સંભાળાવી છે ખરી!! બીચારા પેલા 'શિક્ષક નિમણુંક કૌભાંડકારી'' ચૌટાલા જો કે ન્યાયની હટફટે ચઢી ગયા ખરા આ એક આશ્વાસન સિવાય અહિંયા કોઈ કટકીખાનાર, ભ્રષ્ટ્રાચારી કે વચેટિયાને કયારેય કોઈ સજા થઇ નથી કે થવી નથી. વર્તમાનનું આ હેલિકોપ્ટર ખરીદી કૌભાંડપણ જતે દહાડે ઠરીને રાખ થઇ જશે. ભ્રષ્ટાચારીઓને બચાવી લેવા, એજ અમારી સરકારોનાં મુદ્રાલેખ છે.

સુરત. **બાબુભાઇ નાઇ**

કાયદા અને બંધારણમાં સુધારા જરૂરી

આપણા દેશને આઝાદ થયાને ૬૫ વર્ષ થઈ ગયા. આ વર્ષો દરમ્યાન કાયદામાં અને બંધારણમાં અમુક સુધારાઓ થયા છે પણ એ સુધારાઓ પ્રજાને લાભકર્તા સાબિત થતા નથી. અત્યાર સુધી જે સરકારો આવી તેણે જે સુધારા કર્યા તે મતબેન્કને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવ્યા છે. કાયદાના સુધારાથી કાયદાની છટકબારીઓ બંધ થવી જોઈએ તેને બદલે છટકબારીઓ વધતી હોય તેવું લાગે છે. આપણું બંધારણ જયારે ઘડાયું ત્યારે ડો. બાબાસાહેબ આંબેડકરે તે સમયને અનુલક્ષીને યોગ્ય તે કલમો બંધારણમાં સામેલ કરી. તેમાંની એક જોગવાઈ અનુસાર ૧૦ વર્ષના સમય માટે અનામત પ્રથા દાખલ કરી આજે ૬૫ વર્ષ પછી જે પ્રથા કાળક્રમે સદંતર નાબુદ થવી જોઈએ તે તેના પહેલાના સ્વરૂપ કરતા વધુ રીતે આજે પણ અસ્તિતત્વમાં છે. ડો. બાબસાહેબ આંબેડકર જે ધ્યેય રાખીને અનામત પ્રથાને બંધારણમાં સ્થાન આપ્યું હતું તે ધ્યેય તો બાજુએ રહ્યું અને આ સમય દરમ્યાન સરકારોએ અનામતપ્રથાનો પોતાની મતબેન્ક માટે જ ઉપયોગ કર્યો છે. તેવી જ રીતે લઘુમતી માટેના કાયદાઓમાં જે સુધારા થાય છે તે મતબેન્કને ધ્યાનમાં રાખીને જ કરાય છે. તા.૧૦ ફેબ્રુઆરી ૨૦૧૩નાં 'ગુજરાત મિત્ર'ની રવિવારીય પૂર્તિમાં શ્રી દિનેશભાઈ પંચાલે તેમની કોલમ 'જીવન સરિતાને તીરે માં યોગ્ય રીતે જ નુકતેચીની કરી છે કે ''ગુનેગારને જ્યાં સુધી કડકમાં કડક સજાનું પ્રાવધાન ન થાય ત્યાં સુધી સમાજમાં સુખનો સુરજ ઉગવાનો નથી. દર સેકન્ડે ખુન ખરાબા, બળાત્કાર અને લૂંટફાટ થાય છે. તેવા આ દેશમાં ન્યાય કાયદો અને તેની સજામાં આમૂલ પરિવાર્તન થવું જોઈએ ઠંડે કલેજે કરાયેલા ખુન ધાડ કે બળાત્કાર જેવા સંગીન ગુનામા પકડાયેલા ગુનેગારો સ્વમુખે પોતાનો ગુનો કબુલે તોય આપણી સદીઓ જુની ન્યાયની વ્યવસ્થા એટલી બેવકુફી ભરેલી છે કે ગુનેગારે જે નુકશાન કર્યુ હોય તેના કરતા દશગણું નુકશાન દેશની તિજોરીને થાય છે. પણ ગુનેગારને સજા થતી નથી. તે તો ઉલટીનો સરકારી મહેમાનગતી માણતો થઈ જયા છે. દેશની કોર્ટોમાં અગણિત સંખ્યામાં કેસો પેન્ડીંગમાં હોવાના મૂળમાં આવી પ્રક્રિયાઓ જવાબદાર હોઈ શકે? ઉપર જણાવ્યા પ્રમાણે આઝાદીના ૬૫ વર્ષ પછી કાયદા અને બંધારણમાં જ્યાં જરૂરી જણાય ત્યાં પ્રજાને રાહત થાય તે પ્રકારના સુધારા થવા જરૂરી છે. જ્યાં કાયદામાં કોઈ છટકબારી ન હોય.

સુરત. **સુરેન્દ્ર દલાલ**

પ્રા. રમણ પાઠકઃ એક અનોખા વિચારક

પ્રા. રમણ પાઠકના રમણભ્રમણ તા. ૨/૨/૧૩ના પ્રા. રમણ પાઠક વિચાર સાથે આપણે સહમત થઈએ કે નહીં એ જુદી વાત. પણ, આ નેવું વરસની ધાર પર ચાલતા વિચારકના કેટલીક વાર રમૂજી અને બધાથી જુદા પડી વિચારવાની ટેવ/લેખની વાચકને જરૂર આનંદ આપે. મોટામાં મોટી ભૂલ તો ગાંધીજીએ કરી. તેઓ પ્રજાની નાડ પારખવામાં સાવ નિષ્ફળ રહ્યા, એવું લખનાર પ્રો. પાઠક સાથે મોટા ભાગના ગાંધીવિચારકો (આ લખનાર ગાંધીવાદી ન હોવા છતાં એ પણ) ભાગ્યે જ સહમત થશે અને છતાં કોઈક વાર એવો વિચાર પણ આવે કે ખરેખર ગાંધીજીએ આ દેશની પ્રજાને આઝાદી માટે યોગ્ય બનાવી હતી ખરી? જો કે આ પ્રશ્ન ઉઠાવતી વખતે પણ રમણ પાઠકે ગાંધીજી વિષે લખેલા શબ્દોમાં રહેલી રમૂજ તો રહે જ છે. બીજી વાત પ્રો. પાઠકે કહી તે આ સમગ્ર પ્રજાની પૂણ્ય કમાઇ લેવાની તાલાવેલી છે. કુંભમેળા ઉપરાંત પણ નદીકિનારે મળતા નાના મોટા મેળામાં ગમે તે ઋતુ હોય પ્રજાનો આ અભળખો જોવા મળે છે. અત્યારે ચાલી રહેલા મહાકુંભ મેળામાં અસંખ્ય લોકો કડકડતી ઠંડીમાં પણ ગંગામૈયામાં વહેલી સવારે ડૂબકી લગાવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે સમાચાર જોવા મળે છે તે પ્રમાણે રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદી પણ આ કુંભસ્નાનથી મળતું પૂણ્ય કમાવા જવાના છે. બીજી વાત પ્રો. પાઠકે કહી તે આ સમગ્ર પ્રજાની પૂણ્ય કમાઇ લેવાની તાલાવેલી છે. કુંભમેળા ઉપરાંત પણ નદીકિનારે મળતા નાના મોટા મેળામાં ગમે તે ઋતુ હોય પ્રજાનો આ અભળખો જોવા મળે છે. અત્યારે ચાલી રહેલા મહાકુંભ મેળામાં અસંખ્ય લોકો કડકડતી ઠંડીમાં પણ ગંગામૈયામાં વહેલી સવારે ડૂબકી લગાવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે સમાચાર જોવા મળે છે તે પ્રમાણે રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદી પણ આ કુંભસ્નાનથી મળતું પૂણ્ય કમાવા જવાના છે. સંખ્યાબંધ પરદેશીઓ આ મહાકુંભની મુલાકાત લે છે, તેઓ યાત્રાળુઓની જેમ જ ઠંડીમાં ડૂબકી મારે છે, શિવલિંગ પર દૂધની ધારા કરે છે. એક અમેરિકન પ્રાધ્યાપિકા કહે છે કે, અમેરિકામાં અનેક નદીઓ છે પણ ત્યાં કોઈ નદી તરફ પવિત્રતા કે પૂણ્યના ભાવથી જોતું નથી, અને પેલા નાગા બાવાઓ? રમણ પાઠક એમને વગર મહેનતનું ખાનારા અને ગરીબ પ્રજા પર ભારરૂપ માને છે, એ લોકો કોઈ રચનાત્મક કામ કરતા નથી. આનાથી પ્રજામાં એક જાતની અકર્મણ્યતા આવી છે, એ કેટલે અંશે સાચું છે. પણ, સદીઓથી ચાલી આવતી આ મહાકુંભની શ્રધ્ધાને કેવી રીતે સમજાવી શકાશે? ખેર, રમણ પાઠકની વિચાર અને પ્રાચીન પરંપરાઓને એક જુદી જ એંગલ દષ્ટિકોણથી જોવાની ખાસિયત એક આનંદ તો આપે જ છે. કદાચ ગુજરાતમાં આ રીતે જોનારા તેઓ આજે તો પહેલા કમના લેખક/ચિંતક હશે.

સુરત **નરેશ ઉમરીગર**

ક્રૂર મૌન

કોઈ એક માણસ પોતાના ઘરના ખૂણામાં બેસીને પોતાના ઈશ્વરને યાદ કરી લે, તો એમાં કશું ખોટું નથી એવી દલીલ થાય છે, પણાતે ભૂલ ભરોલી છે. કારણ કે એવી ધાર્મિકતા પણ કોઈ મસ્જદીને, લગ્ન મરણના કર્મકાંડને, તાલીબાની અત્યાચારો જેવા અનિષ્ટોને મૂંક સંમતિ તો આપે જ છે. દા.ત. શ્રાદ્ધ ક્રિયા પુત્ર કરે, તો જ પિતૃઓના આત્માનો ઉધ્ધાર કે સદગતિ થાય એવી બધી ધાર્મિક માન્યતાઓ જ પુત્રેચ્છા જન્માવે છે, જે સ્ત્રી ભૂણહત્યા અને સ્ત્રીઓની અવદશા માટે જવાબદાર છે જ. વધુમાં માણસ એક સામાજિક પ્રાણી હોવાથી અનેક રીતે પરસ્પર સંકળાયેલો છે, પરંતુ ઈશ્વરમાં માનતો માણસ ધર્મપ્રેરિત અનિષ્ટોનો વિરોધ કરવાની ક્ષમતા તો ગુમાવી બેસે છે, જે કાળક્રમે બ્રાહ્ય રીતે પણ ઘાતક પૂરવાર થઈ શકે છે. અસત્ય હંમેશાં જોખમી જ નીવડે છે, માટે વિવેક બુદ્ધિવાળું સત્ય શોધવાના પ્રયત્નો જ માન્ય રાખવા જોઈએ. બિન બ્રાહ્મણ ભણતો થયો અને દરિદ્રોની અને દલિતોની સ્થિતિ સુધરતી જાય છે, એ પણ ધાર્મિકતા ઓછી થવાના જ ફાયદા છે. આપણે ત્યાં વાતવાતમાં લોકોની ધાર્મિક લાગણી દુભાઈ જાય છે. એને બદલે દુન્યવી પરિસ્થિતિ જોઈને જો માનવ પ્રત્યેની લાગણી દુભાતી હોત તો વર્તમાન પરિસ્થિતિમાં મોટો ફરક પડયો હોત. બીજાની સ્વાર્થ પરસ્તનીતિનો ભોગ બનેલી મજબૂર વ્યકિતઓને તેઓ 'કરેલાં કર્મનાં ફળ ભોગવે છે.' એમ માની લેવાનો બદલે, એ બદલવાનો પુરુષાર્થ જ માણસે તો કરવો જોઈએ. એક તરફ ભારતમાં અધધ થઈ જાય એટલી રકમ ધાર્મિક સ્થળોએ જમા થઈ છે અને થતી રહે છે, તો બીજી તરફ અધધ થઈ જાય એટલા લોકો ભારતમાં કુપોષણથી પીડાય છે તેમજ જીવનની પ્રાથમિક જરૂરિયાતોથી વંચિત છે. વાયા ભગવાન થઈને લોકો જાત સમક્ષ કે લોક સમક્ષ સારા દેખાવાનો પ્રયત્ન બંધ કરે તો આ સવાલ ઉકેલી શકાય. પુણ્ય કમાવાનો ટૂંકો રસ્તો ઘાતક પુરવાર થઈ ચૂકયો છે. પરંતુ એ માટે ધ્યાન દોરી શકે એવો કર્મશીલો કુસંસ્કારને પરિણામે આપણે ત્યાં ઓછા છે અને મૂંગા રહે છેઃ ક્રૂર મૌન કરતાં તો મૌત બહતર!

બારડોલી **નિરાત**

બેનમૂન કારીગરી

સુરત ચોપાટી ઉદ્યાન, પાસે આવેલ દરગાહના ગુંબજ ઉપર તાજેતરમાં એક ડીઝાઈન પેટર્ન કંડારવામાં આવેલી છે. આ પેટર્નની કારીગરી ખરેજ બેનમૂન અને પ્રસંશનીય છે. એક સમતલ સપાટી ઉપર પેટર્ન કંડારવી અને ગુંબજ ઉપર કંડારવી ખુબ જ મહેનત, કાબેલિયત અને ગણતરી માંગી લે છે. કલાકારને ખૂબ ખૂબ અભિનંદ! એવી જ રીતે એક ગુંબજની અંદર, ઘણા મંદિરોમાં કૃષ્ણ રામલીલા કે દશાવતારનું ચિત્રોશોધી ગોળાઈમાં ચિત્ર દોરવું ખુબ જ કાબેલિયત માંગી લે છે. ઉંચાઈ ઉપર પાલખ ઉપર ચત્તા સૂઈને ચિત્રકાર કામ કરતો હોય છે. પડખુ ફેરવીને બ્રશથી અવનવા રંગો મિશ્ર કરતો હોય છે. વળી પીંછી પણ ગુરૂત્વા કર્ષણની વિરૂધ્ધ દિશામાં પકડી ચિત્રનું સર્જન કરતો હોય છે.

સુરત **નટુ રાણા**

વસંતોત્સવ:પ્રેમનો દિવસ

રમણભ્રમણ

પ્રા. રમણ પાઠક

જગત માત્રનું જીવન એ પ્રેમ છે. ઊંકારમાં પ્રેમ છે, નાદમાં પ્રેમ છે, છંદમાં પ્રેમ છે, પુરુષમાં પ્રેમ છે, પ્રકૃતિમાં પ્રેમ છે. જડમાં પ્રેમ છે અને ચેતનમાંય પ્રેમ છે.

-શ્રીમદ્ ભાગવત

આ વર્ષે વેલેન્ટાઈન ડે (૧૪મી ફેબ્રુ.) અને વસંતપંચમી સાથેસાથે જ આવી ગયાં છે, ત્યારે જરાક પ્રેમનાં ગીત ગાઈએ, તો એને પ્રાકૃતિક પ્રેરણા જ ગણવી રહીઃ આજે યુવક - યુવતીઓ અને સ્ત્રી-પુરુષને પરસ્પરની લાગણી વ્યકત કરવાની તક એક ઉત્સવરૂપે મળે છે, એથી આજનો દિવસ જીવનનો એક ધન્ય અવસર ઘણાં માટે બની રહે છે. કારણકે પ્રેમ એ તો જીવન છે. એક મોટા લેખકનું વિધાન છે કે, આપણે કદી પ્રેમ મેળવ્યા વિના જીવી જઈએ, પરંતુ માણસ પ્રેમ કર્યા વિના તો કદાપિ જીવી શકે જ નહીં! વેલેન્ટાઈન ડેને વિદેશી, આયાતી અનુકરણરૂપ કહી તહેવાર લેખાવી, એને ભલે વખોડીએ, પરંતુ હું નમ્રતાપૂર્વક જણાવું કે મૂળ પ્રેમનો એક વાર્ષિક ઉત્સવ હોવો એ ભારતીય આર્યસંસ્કૃતિની જ દેન છે. ભારતનો પરંપરાગત વેલેન્ટાઈન ડે એ વસંતોત્સવ છે, જે પ્રાચીનકાળથી જ ઉજવાય છે કાલિદાસના નાટક 'માલવિકાગ્નિમિત્ર'નો સમયાવધિ વસંતોત્સવની 'પંચરાત્ર' જ છે એ જ રીતે, અન્ય કેટલાંક સંસ્કૃત નાટકોમાં પણ વસંતોત્સવનો ઉલ્લેખ મળે જ છે. આ ઉત્સવની ઉજવણીમાં સ્ત્રી-પુરુષ પ્રેમ કેન્દ્રસ્થાને રહેતો. માટે જેને 'વેલેન્ટાઈન ડે' વિદેશી લાગતો હોય, તેઓ એને 'વસંતોત્સવ' તરીકે ભારતીય લેખાવીને પણ પોતાનાં સંતાનોને, યુવાનોને પ્રેમની પ્રશાંત - મધુર મસ્તી એક દિવસ માટે તો જરૂર ઉજવવા દે, માણવા દે!

આજે આપણા ભારતીય સમાજમાં પ્રેમ એક નિંદ્ય, પ્રતિબંધિત અપરાધ મનાય છે. પરિણામે આપણો સામાન્ય નાગરિક ઉદાસ - ખિન્ન, નિરાનંદ, અતડો, કડવો અને સંકુચિત માનસનો મોટી બહુમતીમાં જાવા મળે છે. હકીકતે, મધ્યકાલીન, શાસનને પરિણામે આપણો સમાજ સંકુચિત થઇ ગયેલો.

હવે, કયાંક કશીક અનુચિત દુર્ઘટના બને, તો વિના વાંકે જ બાપડી આપણી બહેનો ઉપર જાતજાતના પ્રતિબંધો લાદવાની હિમાયત થવા માંડે છે. જેમાંનો એક તે સ્ત્રીના માનસ તથા વ્યવહારની મુકત મોકળાશ ઉપર સખ્ત કાપ અને બીજો એથીય ગંભીરતર પ્રતિબંધ તે સ્ત્રી - પુરુષ વચ્ચે પરસ્પર મુકત મને હળવા મળવાની મનાઈ! હજી તો માંડ આપણા સમાજમાં સ્વાતંત્ર્યતાની ભાવના પ્રતિષ્ઠિત થઈ રહી છે. પ્રસરી રહી છે, ત્યાં પુરુષના વાંકે જ સ્ત્રીને દંડ! એનો મુકત હરવા ફરવાના આનંદનો, સારાં, શોભાયમાન વસ્ત્રો પહેરવાનો અને મૈત્રી, આત્મીયતા, મધુરી લાગણી બાંધવાનો કે વ્યકત કરવાનો હકક છીનવી લેવાનો? એ ન્યાય તો નથી જ, ઉપરાંત સમાજ સુધારામાં પીછેહઠ છે. એટલું જ નહીં, તેય વળી જે દેશમાં પ્રેમલક્ષણ ભકિત જેવો અજોડ ધર્મ કે જેમાં પરમેશ્વરને પ્રેમીરૂપે પૂજવાનો ભાવ પ્રાધાન્યે હતો એ રાષ્ટ્રમાં?.... સ્ત્રીના વસ્ત્રાલંકારની ટીકા કરો, એ પૂર્વે શકુંતલા કે માલવિકાનો પોષાક જુઓ!

વસંત એ પ્રેમની જ ઋતુ છે (કવિ કાન્તનું 'વસંત વિજય' કાવ્ય યાદ કરો) જયારે નવપલ્લવિત વૃક્ષો પર રંગબેરંગી અને સુવાસિત પુષ્પો મહોરી ઊઠે છે, મધમધી ઊઠે છે, ભ્રમરો પ્રેમપૂર્ણ ગુંજારવ કરે છે, પક્ષીઓ કિલ્લોલ કરતાં નામવિહાર કરવા લાગે છે, અને કવિઓને પ્રેમની કવિતા સ્ફુરે છે. આવા વાસંતી વનને આજની પેઢીએ તો કદાચ જોયું સુદ્ધાં નથી, અરે, વન જ કયાં રહ્યું છે? ત્યાં વાસંતી સૌંદર્ય માણવાની તો વાત જ કયાં?

વધારામાં બળતામાં ઘી હોમનારા આપણે વળી લીલાંછમ વૃક્ષો અને વનોના ઉચ્છેદની, સંહારની લીલા માંડી બેઠા છીએ! મારી તો નમ્ર હિમાયત છે કે શાળા - કોલેજોમાં એક દિવસની રજાય પાડી, વનભ્રમણાનો 'સહવાસી' કાર્યક્રમ રાખો! ('સહવાસી' એટલે યુવક - યુવતીઓના પરસ્પર સાન્નિધ્યમાં) યાદ રાખો, પ્રતિબંધક પગલાં હંમેશાં પ્રતિક્રિયા જ નોતરે છે. જયારે પરસ્પરનો મુકત પરિચય અજાણપણાના કુતૂહલને નાબૂદ કરે છે, અને તેથી પરસ્પરને પરાજિત કરવાની, વશ કરવાની, બળપ્રધાન ઝનૂની આક્રમણ કરવાની વૃત્તિ તથા એવા પ્રસંગોમાં ઘટાડો જ થાય છે. હા, પીડનવૃત્તિ એ પુરુષની એક કુદરતી ઈચ્છા છે; જે મર્યાદિત, સંયમિત તથા ઉભય પક્ષે જયાં સુધી આનંદજનક બની રહે, ત્યાં સુધી ભલે એ ક્ષમ્ય, પરંતુ જયારે તે મનોવિકૃતની હદે પહોંચે છે, ત્યારે સમાજમાં ભયાનક દુર્ઘટનાઓ સર્જાય છે. પરંતુ યાદ રાખવું ઘટે કે જુદાપણા કે દૂરીપણાથી એ વૃત્તિ પરસ્પર વિરોધી ભાવ જન્માવે છે. અને તે બહેકવાની શકયતા વધે છે, જયારે સુમેળ, સહવાસ કે મૈત્રીથી એ ઘટે, એવું મનોવિજ્ઞાનનું તારણ છે. સહવાસ તથા સુમેળ બહુ